Gujarati (P)

(5) 3159


(T1)

3159 G

# નોબતનો ડંકો

યાને

# સુરાનો સંગ્રામ.



શા રતીલાલ રામચંદ

ઠે. બેગમપુરા આમલીશેરી-સુરત.

કીંમત ૧ આનો.

IMPERIAL RECORD DEPARTMENT
RECEIVED.
30 MAR 1931

NATIONAL ARCHIVES LIBRARY
No. 3159
Date 1-4-72
GOVT. OF INDIA

# નોબત-ડંકા

ડંકો વાગ્યો ને દીલ્હી ધમધમી રે લોલ;
અંગ્રેજોને અંગે લાગી લાહ્ય રાજ—ડંકો.
માનવ ટોળાં મળીને એકઠાં રે લોલ;
ધારાસણાના અગર ઉપર ધાય રાજ—ડંકો.
પોલીસ પીશાચપણું દાખવે રે લોલ;
સ્વયંસેવક હોંસે સોટા ખાય રાજ—ડંકો.
પોલીસ બની ગયા બ્હાવરા રે લોલ;
ઘેલેરામાં ભાન ભુલી ભટકાય રાજ—ડંકો.
મુઠી મરડીને મીઠું છોડાવે રે લોલ;
હારે ત્યારે હસવા માંડી જાય રાજ—ડંકો.
પોલીસ ઉપરી પાષાણ હૃદયનો રે લોલ;
ધાડ પડાવે ધંધુકાની માંહ્ય રાજ—ડંકો.
અસુર અમલદાર વીરમગામનો રે લોલ;
સઈનીક ભાળી ભુરાયો થાય રાજ—ડંકો.
કાંડા કરડીને ઓરત જાતના રે લોલ;
હીચકારાની માફક એ હરખાય રાજ—ડંકો.
દારૂની દુષ્ટ બદી કાઢવા રે લોલ;
શ્રોણિતમાં સઇનીકો ભીંજાય રાજ—ડંકો.
ગાળો દઈ સઈનીકોને ગર્વથી રે લોલ;
મનમાં માણેકજી ફુલાય રાજ—ડંકો.

છોડીને શર્મ સ્ત્રી જાતની રે લોલ;
દીનબાઈ તો ધુંવા ફુંવા થાય રાજ—ડંકો.
જુલ્મીના પુન્ય હવે પરવર્યા રે લોલ;
તુટયાં નીતી ને એનાં ન્યાય રાજ—ડંકો.
નોબત વાગે છે એના નાશની રે લોલ;
ડોલતાં એના આસનીયાં દેખાય રાજ—ડંકો.

---

## અંગ્રેજીઆ

---

જેણે તને દુધ દીધું તેનું લોહી પીધું. અંગ્રેજીઆ.
જેણે તને અન્ન આપ્યું, તેનું કુળ બાળ્યું. „
જેણે તને વસ્ત્ર આપ્યાં, તેના હાથ કાપ્યા. „
જેણે તને વાસ દીધા, તેનાં શ્વાસ લીધા. „
જેણે તને ઓથ દીધો, તેનો દ્રોહ કીધો. „
સાધુનો વેશ બનાવ્યો, તું રાવણ ફાવ્યો. „
ભીક્ષા લેવાને બહાને, ફસાવી સીતાને. „
કાઢી અંગ્રેજી શાળા, બાળ્યાં બાળ બાળાં. „
કુલી હમારી વાડી, મારી તે કુહાડી. „
હિંદના રક્તનાં પાને, તું પોષે પોતાને. „
ભેદ નીતિનાં પ્રમાણે, તું સ્વારથ જાણે. „

જ્યારે ગાંધીજી જાગ્યા, તારા બાર વાગ્યા. ,,
અસહકારને બ્હાને, તું થાશે ઠેકાણે. ,,
મીઠાંનો કાયદો ઉથાપે, ત્હારા દોર કાપે. ,,
સમય પ્રમાણે તારી, મતિ ગઇ છે મારી. ,,
સ્વાન શીકારી છોડે, હીંદી પર દોડે. ,,
પોલીસનો કેર કાળો, ભારતમાં ભાળો. ,,
મીઠાંની મુઠી ન છુટે, ભલે હાથ તુટે. ,,
સહુ સલુણા થઇને, ભલે પ્રાણ દઇને. ,,
લ્હાવો લવણનો લઇએ, ભલે જેલ જઇએ. ,,
ન્યાય નીતિ નાં જાણે, તું સ્વાર્થ પીછાણે. ,,
પડજે ગાંધીને પાય, નથી બીજો ઉપાય. ,,
મોહન માંગણી પુરાસે, ત્હારૂં હીત થાશે. ,,
ભારત કદી નહિં મરશે, ભલે વજ્ર વરશે. ,,

---

# વંદે માતરમ.

---

છોટા બડા ચરખારી, સુતરકા મોરા કાંતના
એક સુખ પાયા મયને, 'ગાંધીજીકે રાજમે. (૨)
છોટી છોટી પુંણીયારી, તકલીકા મોરા કાંતના–છોટા.

એક સુખ પાયા મયને, ગાંધીજીકે રાજમે. (૨)
શુદ્ધ સ્વદેશીરી, વસ્ત્રોકા મોરા પહેરના-છોટા.
એક સુખ પાયા મયને, મોહનકે રાજમે. (૨)
ધારાસણા મેરી, નીમકકા મોરા લુંટના-છોટા.
એક દુઃખ પાયા મયને, આલમકે રાજમે. (૨)
હુવા જુલ્મી અમલદારોરી લાઠીકા મોરા ઝીલના-છોટા.
એક સુખ પાયા મયને, સરદાર કે રાજમે. (૨)
નદીયન કીનારારી, ભાષણકા મોરા સુનના-છોટા.
એક સુખ પાયા મયને, વલભકે રાજમે. (૨)
ઘર ઘરપે ચડે વાવટેરી, ચેહીસે મોરા ખેલના-છોટા.
એક દુખ પાયા મયને, પોલીસકે રાજમે. (૨)
દીઇ પરે સાનીરી, સત્યસે મોરા બોલના-છોટા.
એક દુખ પાયા મયને, અમલદારોકે રાજમે (૨)
ધોલેલા ધંધુકારી, અત્યાચારોંકા મોરા દેખના-છોટા.
એક દુખ પાયા મયને, પોલીસકે રાજમે. (૨)
અસ્વ ચલાયે ઓરતોપેરી, નજરોસે મોરા દેખના-છોટા.
એ સુખ પાયા મયને, જવાહરકે રાજમે. (૨)
નીંદમે હુવે વીરોકોરી, જગાયા મોરા દુખના-છોટા.
એક સુખ પાયા મયને, બાપુકે રાજમે. (૨)
જહાંપે અડડા જેલ મેરી, જમાકે મોરા બેસના. (૩)

# રાગ-સયદાનો

જુલ્મીએ જુલ્મ મચાવ્યોરે જાણે એને હડકવા હાલ્યોરે-જુ.
નીશસ્ત્રો સામે શસ્ત્ર ચલાવી, વર્તાવે કાળો કેર;
સાપ સમા એ ફુંફાળા મારી, ફેલાવે હીંદમાં ઝેર-જુ.
હીંદના હીરા પકડી પકડી, જેલમાં ભરતો જાય;
જેલ ભરતાં થાકી ગયો ત્યારે, ગુંડા શોહી ચલાય-જુ.
દેશ તણા સઇનીક બનીને, શુરાઓ મરવા જાય,
દેશદ્રોહીઓ પઇસાનાં લોભે, દંડા ચલાવવા ધાય-જુ.
બચકા ભરીને મીઠું છોડાવે, એક પર ધસી દશ બાર,
નાગા કરી અંડકોશ દબાવે, ધીક્કાર એનો અવતાર-જુ.
કોને મારો છો કોણ તમે છો, દેશદ્રોહીઓ કરોને વીચાર;
ઘરમાં પેસીને જેણે નખોદ વાળ્યું કાં બનો તેના હથીયાર-જુ.
સઇનીક બીચારા અહીંસક બનીને, હોંસે હોંસે માર ખાય,
કંઇક મરેને કંઇક ઘવાયે, તોયે હજારો દોડતા જાય-જુ.
દંડા ચલાવે જેલો ભરેને, ગાળોના વરસાદ થાય,
એથી પણ એને શાંતી ન મળતી માર્શલ લો જારી થાય-જુ.
બાળક વૃદ્ધ જુવાનને માર્યાં, વળી સ્ત્રીઓ પર નાંખ્યા હાથ,
અબળાઓ ઉપર ઘોડા ચલાવ્યા જાણે માર્યો મોટો વાઘ-જુ.

હિંદમાં આવી હિંદનું ખાધું તે કીધું એણે હરામ,
એક વિદેશીના કુતરા કાજે લીધા હીંદીઓના પ્રાણ—જુ.
હજારો જનને જેલમાં પુરી મનમાં કુલાઇ જાય,
જેલ મહીં એને રિબાવે, જાણે સયતાનનો ભાઇ—જુ.
પુન્ય હવે એનાં પરવાર્યાં તુટ્યાં નીતી ને ન્યાય,
નોબત એના નાશની વાગે, ડોલતા આસનીયાં દેખાય—જુ.

## સચ્ચા ફકીર

જોગી સાગર કે તીર ઝુકાયાં કરો સારી આલમકુ પાઠ શીખાયા કરે
સાબરમતીકે તીરપે કઇસી મહુલી દેખા રહી
દુનીયાકી નસ્મત છોડકે કેશી અલખ જગ રહી
ભારત મઇયા કી ધુન લગાયા કરે જોગી સાગરકે તીર ઝુકયા કરે.
ધન માલ મીલ્કત છોડકે આખર લે લીઇ
ભારત મુકિત કે કાજે મુઝાયા કરે
સ્વતંત્ર તાકી ગોંસમેં જીવન ફકીરી લે લીઇ
જુગી સાગરકે તીર ઝુકાયા કરે
સુતર તાંતણેમે સ્વરાજ કી ઉષા છારહી
દીલશેં લીએ લીટેકજો સચ્ચા પ્રતીજ્ઞા જલ રહી

અહીસા જીવનકા જાપ જપાયા કરે જોગી સાગરકે તીર ઝુકાયા કરે.

હિંદકી હાલ બુરી અને દિલોકી ચાર રહી

લાખો ઝુરે લાખો ફારે લાખોકી બર બાદી હુઇ

લાખો ભુમી પે ભુખે ગીરાયા કરે જોગી સાગરકે તીર ઝુકાયા કરે

અય તેરી જુલ્મી જંજીરોજો મેરી ભારત જકડા રહી

અય તેરે જાલીમ પંજેમે મેરી ભારત લુટા રહી

તેરી મીઠી સોબતમે ચુસાયા કરે જોગી સાગરકે તીર ઝુકાયા કરે

અય તેરી જંજીરકે સામને મેરી મુંઠી દિખા રહી

મે તેરી અત્યાચારીકો મેરી :શાંન્તી જલા રહી

મેરી અહિંસામે હિંસા જલાયા કરે જોગી સાગરકે તીર ઝુકાયા કરે

સ્વતંત્ર તો કે લીયે કાયા મેરી ખડી હુઇ

હમારી ખુનસે ભારતકી આઝાદી ખડી હુઇ

જાન દેક જગતકુ દિખાયા કરે જોગી સાગરકે તીર ભુલાયા કરે

---

સચ્ચે સત્યાગ્રહી બન જાયા કરો,

મહાત્મા ગાંધીજીકા દિલમે ધ્યાન ધરો.

સાબરમતીકે તીરપે ગાંધીજીકા આશ્રમ હય,

દેશકો સ્વતંત્ર કરતા બાપુજીકા ધર્મ હય.

ઘર પર રાષ્ટ્રકા ઝંડા ફરકાયા કરો સચ્ચે

ખત લીખી ગાંધીજીને અગીયાર કલમે દીજીઓ.

ઓર હીદકી સકીર અબ. આઝાદ હમકો કીજેએ,
　　　　હિંદ દેવીકા શ્રાપ કાપ્યા લકશે ચચ્ચે.
બાશ તારીક કોચલે ગાંધીજી આશ્રમ છોડકે
　　　　દેશકો જાગૃત કિયા કાયદા નીમકકા તોડકે.
વંદે માતરમ કા ભાઇઓ પોકાર કરો સચ્ચે,
　　　　સરકાર નહીં સુનતી હમારી દેશ દેશકી ફરીયકો
હમ ઉઠા દેંગે ઉસીકે રાજત ખતે તાજકુ,
　　　　અબ તો કાપડ વિદેશી જલાયા કરો.
ખાદીકી ટોપી ધોતીઓરે ખાદી કા પેરણ પહેરલે,
　　　　ચારો તકલી ચરખા ચલાયા કરો.
દેશ નેતાઓકી જે બોલાયા કરો ચચ્ચે.

## યુવાનોનો પડકાર

યુવાનો ઓ હિંદના, સઇનીક બનીને ચાલો
સંતાનો ઓ હિંદના મર્દો બનીને મહાલો
યુવતીઓ ઓ હિંદની, કેસરીયાં કરીને ચાલો
મર્દો જેવા મર્દો થઇને, ઘેર સંતાવું શોભે નહિ–યુવાનો
વિરમગામના અત્યાચારો, ધરાસણાના લાઠીમારો
પેશાવરના ગોળીબારો, સઉ સાંભળીને ચાલો–યુવાનો

ધોળે દહાડે ધાડ પડાવે, મહીલા પર લાઠી ચલાવે
ગુલામીથી છુટવા, સઇનીક બનીને ચાલો–યુવાનો
સરોજની યરૌડા સીધાવ્યા, ગાંધીજી પણ જેલ સીધાવ્યા
હિન્દુ મુસલમીન પારસી, સઉ એક સાથ ચાલો–યુવાનો
આઝાદ કરવા હિન્દને, રાષ્ટ્રધ્વજ ફરકાવો
વૃદ્ધ નેતાઓ જેલ બીરાજે, તે જેલને શોભાવો–યુવાનો
ગાંધીજીએ નીડર બનાવ્યા, જેલ તણો ડર ના રાખો
લાઠીની બીક છોડી દઇને, હિંદીઓ સઉ ચાલો–યુવાનો
સ્વતંત્ર ભારત જોવાને માટે, લાખો યુવાનો કુદી પડો
લાલ બનેલા લોહી પીને, ગુંડાઓને હાંકી મુકો–યુવાનો
બહાદુર બનીને મર્દો. યા હોમ કરી ઝુકાવો
યુવાનો, ઓ હિંદના સઇનીક બનીને ચાલો.

---

## અંતિમ કેસરીઆ

---

(સર ફરૌશીકી તમન્ના—એ રાગ)
હાકલ પડી છે હિન્દમાં ઓ હિન્દીઓ હુશિયાર હો !
યાહોમ કરવા યુદ્ધમાં આજે હવે તઇયાર હો !
વાઘા સજો વીર કેસરી આવે સમે વિચાર શો !
રણજંગ છેલ્લો ખેલીએ કાં જીત હો કે હાર હો !

સીના ઉપર સમશેર–ઘા બંદુકના એ બાર હો !
હાથે સવિનય ભંગતા એ શાન્તિમય હથિયાર હો !
સ્વતંત્ર્યને દફનાવતી જે દેશની સરકાર હો !
તેના ગુલામી રાજમાં નહિ પ્રાણની દરકાર હો !

માગ્યું કદી મળશે નહિ પણ ભોગ આપી મેળવો,
'છે આપણો આ દેશ' એવી ભાવનાને કેળવો.
કોમી કલહ–કંકાશના ઝઘડા તમે ઉંચા મુકો,
સહુ એક થઇને સંપથી મયદાનમાં આજે ઝુકો.

ઝુઝો મરણીઆ થઈ તમે અન્યાયનું જ્યાં તંત્ર હો !
બસ એક–પૂર્ણ–સ્વરાજ્ય આ યુદ્ધ જીવનનો મંત્ર હો !
કયાં તો તમારા દેશને સ્વાતંત્ર્યનાં સન્માન હો !
કયાં તો તમારા જાન એ સન્માન પર કુરબાન હો !

સંગ્રામ ખેલ્યા ખુબ આ અંતિમ કેસરીઆ કરો,
કયાં વીરને મ્હોતે મરો કયાં વિજય કીર્તિને વરો.
આંખો મીંચી આગળ ધસો પાછા હવે ફરશો નહિ,
આ યુદ્ધમાં મરશો છતાં ઇતિહાસમાં મરશો નહિ.

જો જીતશો તો સત્વરે આ દેશના ઘા રૂઝશે,
મૃત્યુ પુઠે લોકો તમારાં પુતળાંને પુજશે.
રે ! મર્દ થઇ મયદાનમાં પડતા સહુ સત્કારશે,
નામર્દ થઇ ખાશો બગાસા તો બધા ફિટકારશે.

માટે ચલો સઇનીક બનો સંગ્રામમાં કુદી પડો,
જેની કુખે છે જન્મ તે જનની તણે વ્હારે ચઢો.
તેત્રીસ કોટી હિન્દીઓને ભાન હોજો ફર્જના,
ગરજાવજો સહુ આજ 'વન્દેમાતરમ્'ની ગર્જના.

---

## કર્મયુગ

---

આ ગયા હઇ કર્મયુગ કુછ કર્મ કરના શીખલો,
દેશ પર અરૂ જાતિ પર હંસ કે મરના શીખલો.
મારનેકા નામ મત લો, પહેલે મરના શીખલો;
મિસ્સે આયર્લેન્ડ દબ કર, ફિર ઉભરના શીખલો.
પાર યદિ હોના તુમ્હે પરતંત્રતા દુઃખ સિંધુસે; :
તૈર કર તો રકતસાગરસે ઉતરના શીખલો.
ફિર જલા દોંગે સકલ સંસારકો ક્ષણ માત્રમેં;
દેશદુઃખકી આગમેં પર પહેલે જલના શીખલો.
જેલયાત્રાકે લિયે દિન રાત ઉત્સાહિત રહો;
કૃષ્ણ-જન્મસ્થાનમેં નિર્ભય વિચરના શીખલો.
દેખના હૈ દશ્ય ભારત વર્ષસે યદિ સ્વર્ગકા,
દેશકા તો પ્રાણપનસે દુઃખ હરના શીખ લો.

---

## ૧૨

# ભારતકા ડંકા

ભારતકા ડંકા આલમમે, બજવાયા વીર જવાહીરને
સ્વાધીન બનો, સ્વાધીન બનો, સમજાયા વીર જવાહીરને
વહ લાલ જો મોતીલાલકા હૈ, વહ લાલ દુલારા ભારતકા
સોતે ભારતકો હઠ કરકે, જગવાયા વીર જવાહીરને
અંગ્રેજો કી મૃગ તૃષ્ણામેં, લટકે થે સબ ભારતવાસી
પુરી આઝાદીકા મંતર શીખલાયા વીર જવાહીરને
દે દે સ્પીચે જીંદા દીલ, કમજોરી દુર ભગાદી સબ
રગ રગમેં ખુ આઝાદીકા, દોડાયા વીર જવાહીરને
ગુટી હે રાજનીતી ઉસને, છાની હે ખાખ વીદેશીકો
સમતા સ્વતંત્રતા કા મારગ, દીખલાયા વીર જવાહીરને
ઇશરોશન આગ ધગધગતી હૈ આઝાદીકે ઉસકે દીલમે
જીસસેં યુવકોકા મુરદા દીલ, ચમકાયા વીર જવાહીરને
નવયુવક કરોડો ભારતકે, ભુલેથે ભોગ વિલાસોમે
યુવકોકી શકિત કોઇ કદમ, ઉજવાયા વીર જવાહીરને
આદર્શ ચરિત્રસે ઓ અપને, યુવકોંકા હૈ સમ્રાટ બના
આઝાદીકા ઉંચા ઝંડા, લહરાયા વીર જવાહીરને
બીજલી હૈ વાણીમેં ઉસકી, જાદુ હે આંખોમે ઉસકી
દેખા જીસકો એક પલભરમેં, અપનાયા વીર જવાહીરને
ગાંધીજી આશીષ દે બોલે, ખુદ કલર્ઠ બનુંગા મેં તેરા
તબ સહસા રાષ્ટ્રપતિકા શીર, બંધવાયા વીર જવાહીરને.

# ૧૩

## ( રાગ-મેરે મૌલા બોલાલો મદીને મુજે )

બાપુ ગાંધીની શીખ શીર ધરો વસ્તુ વિદેશીઓની તમે બંધ કરો.

સાખી—લાખો તમારા દેશબંધુ લોહીથી ખરડાય છે
તોપણ તમારી સાહ્યબી નહી કેમ ઓછી થાય છે
હવે ઘર ઘરમાં રેંટીઆનો નાદ કરો તકલા રાખી આ હીંદનું કર્જ ભરો
હીંદુ મુસલમાન પારસી આ દેશની વ્હારે ચઢો
પરદેશી માલ ન રાખવા પ્રતિજ્ઞા તમો રાખજો
હીંદની હાય સુણીને શુરા બ્હાર પડો મુક્તી હીંદની કરવાને પ્રાણ ધરો
નેતા થઇ આ દેશના જઈ જેલને શોભાવજો
સ્વરાજ્યના સીંહાસને રાષ્ટ્રય ધ્વજ ફરકાવજો
લુંટયા હીંદના સુખો ઉડી આશ ધરી ભુખે બંધુ મરે જોશો ધ્યાન દઇ
ગઈ જેલમાં ભગિની ઘણી એ વાત ઘર ઘર થાય છે
તોપણ ઘણી બ્હેનો થકી વાયલ નહીં મુકાય છે
પહેરો ખાદી તો હીંદની આબાદી થશે બ્હેનો જેલ થકી બધી છુટી જશે
લાઠી તણા મારે ઘણાના શીર ફુટયાં છે અરે
તોપણ ઘણાના શીરથી ટોપી નહીં બદલાય છે
ટોપી વિદેશીઓની તમે દુર કરો હવે બાપુની ટોપી તમે શીર ધરો
હોટલ મહીં જે ચહા થતી વિદેશીની વપરાય છે
સાકર વિદેશી જોઇને કંઈ બંધુઓ મુઝાય છે
એવી ચહા પીવાની તમો બંધ કરો સાકર વિદેશી છોડવા હામ ધરો
સેકડો પીઠા તણાં પીકેટરો પકડાય છે
ધીક્કાર છે તોપણ ઘણાં દારૂ પીવાને જાય છે
હવે દારૂ પીવાનું તમે બંધ કરો બંધુ જેલ ગયા તેનો ખ્યાલ કરો

## તકલી કે તીર ?

તકલી નથી પણ તીર છે છાતી વીંધે સરકારની
તકલી તણા એ તારમાં, બાજી ફના સરકારની
નાજુક છે દેખાવમાં પણ ઘાવ કારી તે કરે
તકલી તણા ચકકર મહીં પરદેશની મીલો પડે
ધાર તકલીની તીખી સરકારને થથરાવતી
પરદેશની પાપી મીલોને ધાકથી ધુજાવતી
બારીક જાડુ શુધ્ધ સુતર પ્રેમથી પેદા કરે
કંગાલ ભારત વાસીઓના પેટની રોજી ભરે
નવરાશમાં ગમ્મત દીયે ને મૌન સંગીત આપતી
આત્મ સંયમ અડગતાના સદ્‌ગુણોને લાવતી
શાન્ત ને મીઠી ભલી વળી હસ્તને શોભાવતી
આઝાદ ભારત વર્ષની પ્રીય આબરૂ ઓપાતાવતી
અહીંસાતણું હથીયાર તકલી અઇક્યતા ઉપજાવતી
પરદેશની સરકારના એ હાડ પણ ખખડાવતી

---

ચરખા ચલાવો આજ કહે છે બાપુ (૨)
ચરખાથીજ સ્વરાજ કહે છે બાપુ (૨)
રૂ લઇ આવો પીંજતા શીખો પુણી બનાવો–કહે છે બાપુ
પુણી બનાવી કાંતતાં શીખો કાંતો બારીક તાર–કહે છે બાપુ

# ૧૫

## સાખી.

બેડી પરતંત્રતા તણીએ ચરખાથી તુટશે
બ્રીટીશ સાહી વાદના ફુડચે પુડચાં ઉડશે
જે દેશની લક્ષ્મી જુઓ પરદેશ વહી જાય છે
તે દેશની રૈયત તણા આ હાલ આવા થાય છે–ચરખા
જે દેશની રઈયત તણો રાજા વેપારી હોય છે
તે દેશની રઈયત જુઓ કેવી ભીખારી થાય છે–ચરખા
નથી ચરખો એ ચક્રશુદર્શન ગુલામી એ તોડશે
બ્રાટીશ સાહીવાદના સત્તાને તોડશે-ચરખા
તકલી નહી એ તીર છે છાતી વીંધે સરકારની
દેખાવમાંનાની છતાં એ ધાર છે તલવારની–ચરખા
કાંતો તકલી રેંતીઆ નીકળે બારીક તાર
એ સુતરના તારથી ભારતનો ઉદ્ધાર–ચરખા

---

(રાગ-અંગ્રેજીઆ:)

તારે માથે ભમે હવે કાળરે, બાળ બ્રીટાનીઆનાં
બેટા હવેથી તું સંભાળરે, ,,
તેં તો માર્યા લાઠીથી મારરે ,,
તેં તો કીધા ગોળીથી ઠારરે ,,
તેં સરઘસ ઘણાં અટકાવીઆંરે ,,
તેં તો ઘોડા બેફામ દોડાવ્યારે ,,
તેં તો માખણ આ હીંદનું ખાધુરે ,,

તું તો મતલબમાં પુરો સાધુરે ,,
તેં તો બેસવાની ડાળને કાપીરે, ,,
ભુંડા હીંદને રહ્યો દુઃખ આપીરે ,,
તેં તો હીંદને લીધું લુંટીરે ,,
ધન ધુતારે ખાધું ધુતીરે ,,
તેં તો ખીસ્સુ તારૂં તર કીધુંરે ,,
તેં તો હીંદનું નાં હીત કીધુંરે ,,
તેં તો લાખો કરોડો કાપી ગાયનેરે ,,
પાપી તારાં આ પાપ તને ખાયરે ,,
એવે જાગ્યા ગાંધીજી બાપુરે ,,
એણે જગાવ્યું આખું હીંદનેરે ,,
તને સત્યાગ્રહી બાણ લાગ્યાંરે ,,
બેટા હવે તારા બાર વાગ્યારે ,,
તું તો ઘણો રહ્યો છે અધુરોરે ,,
તને બહીષ્કાર કરશે પુરોરે ,,
તારી બેન્કો ફુકસે દેવાળાંરે ,,
તારી મીલો પર લાગશે તાળાંરે ,,
તું તો ઘુમે જુલમનાં બાણેરે ,,
તને કરશે સત્યાગ્રહ ઠેકાણેરે ,,
હજુ જીવવું જો હોય તો જાગજેરે ,,
ગાંધી બાપુની માફી માગજેરે ,,

# મીઠાંની લડતનો ગરબો.

ગાંધી રાજ કરે છે સઘળા હિંદુસ્થાનમાંરે,
સર્વે હીંદતણા છે એતો તારણહાર
બેઠા સુતર કાંતે યરોડાની જેલમાંરે—ગાંધી
સાખી—પ્રથમ દાંડીમાં ગયા એતો કાયદો કરવા ભંગ
એ છ કરોડનો માલ છે તમે જઇને કરો ખંડન
પકડી મધરાતે લઇ ગયો મોહનને જેલમાંરે—બેઠા
સાખી—રામદાસ ગાંધીને જઇ પકડયા ભીમરાડ
બીજા બારડોલીનાં ઘણા ગયા હતા સહુ સાથ
એવાં બહાદુર નરને ઝડપી લીધા સહુ જેલમાંરે—બેઠા
સાખી—મણીલાલ ધારાસણે ગયા મીઠું લેવાને કાજ
બાટલીવાળાને સરોજની નાયડુ હતા સંગાથ
આંટીઆ આલમશાએ જુલ્મ કર્યો છે ધેનમાંરે—બેઠા
સાખી—ચીનાઇ જવાહીરલાલને પુત્ર તૈયબના અબ્બાસ
ધીઆ સરૈયાને વળી દયાળ ને ઇશ્વરદાસ
એવા રાજેશ્વરીઓને ઘાલી દીધા જેલમાંરે—બેઠા
સાખી—ગાંધી નથી એ સંત છે જેવો ઇશ્વરનો અવતાર
વંદે માતરમ્ શબ્દનો સહી હીંદમાં થયો પોકાર
એ છે વીર દેવાંશી ભારતનો રખેવાળ—બેઠા

---

શ્રી અમીકા પ્રી. પ્રેસ સુરત

26 AUG 2008

Supreme Court

22/9/2015

Rep(S) 97(1)